Letter No: SJED/0527/12/2025 Approved Date: 01-01-2026

દિવ્યાંગ કલ્યાણની યોજનામાં યુનીક ડિસેબીલીટી આઇડી(UDID) ફરજિયાત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-SJED/Miscell/e-file/17/2025/2191/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૧/૨૦૨૬.

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારનો તા.03/03/૨૦૨૩નો ઓફિસ મેમોરેન્ડમ ક્રમાંક:-P-13013/23/2023-UDID/IT/STATISTICS.
(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૨૦/૦૯/૨૦૨૫નો પત્ર નં.DSD/TPL/e-file/226/2023/1223/APG Branch.

આમુખ-

ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરના ઓફિસ મેમોરેન્ડમથી ભારત સરકારની દિવ્યાંગજનો માટેની તમામ યોજનાનો લાભ મેળવવા માટે યુનીક ડિસેબીલીટી આઇડી(UDID) અથવા UDID માટેનો એનરોલમેન્ટ નંબર ફરજિયાત કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતા દિવ્યાંગજનોના વ્યાપક હિતને ધ્યાને લઈ, કોઈ વ્યક્તિ દિવ્યાંગ કલ્યાણ યોજનાઓનો ખોટો લાભ લઈ ન જાય અને સાચા લાભાર્થી સુધી યોજનાઓનો લાભ પહોંચે તે માટે નાણાકીય વર્ષ - ૨૦૨૬-૨૭થી ગુજરાત સરકારની તમામ દિવ્યાંગ કલ્યાણ યોજનાઓમાં યુનીક ડિસેબીલીટી આઇડી(UDID)/UDID માટેનો એનરોલમેન્ટ નંબર ફરજિયાત કરવા નિયામકશ્રી સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધા ક્રમાંક:- (૨) ઉપરના તા.૨૦/૦૯/૨૦૨૫ના પત્રથી દરખાસ્ત કરેલ હતી જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે દિવ્યાંગજનોના વ્યાપક હિતને ધ્યાને લઈ, નાણાકીય વર્ષ - ૨૦૨૬-૨૭થી ગુજરાત સરકારની દિવ્યાંગ કલ્યાણની તમામ યોજનાઓમાં લાભાર્થીએ યોજનાનો લાભ લેવા માટે યુનીક ડિસેબીલીટી આઇડી(UDID) અથવા UDID માટેનો એનરોલમેન્ટ નંબર ફરજિયાત રજૂ કરવાનો રહેશે તેમ આથી ઠરાવવામાં આવે છે.

ઉક્ત ઠરાવની અમલ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ એટલે કે તા.૦૧/૦૪/૨૦૨૬થી થશે.

ઉક્ત ઠરાવના અમલીકરણ અંગે નિયામકશ્રી સમાજ સુરક્ષાની કચેરીએ આનુષાંગિક કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાની રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર સરકારશ્રીની તા.૨૬/૧૨/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દેવેન્દ્રસિંહ રાઠોડ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,(ના.વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(આ.પ.ક.વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર(યુનીક ડિસેબીલીટી આઇડી(UDID) કાર્ડ ઈસ્યુ કરવા અંગેની આનુષાંગિક કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા સંબંધિતોને જરૂરી સૂચના આપવાની વિનંતી સહ.).
- સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં.૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમની કચેરી, ભોંયતળીયે, બ્લોક નં.૩, એફ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.